# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

## સલામી સવારની..

ચૂંટાઇ ને પછી પ્રજાનો વિશ્વાસ વેંચી નાખે છે!
સત્તા ભૂખ્યા, પદ માટે કરી, સ્વાર્થ સીંચી નાખે છે!
મીંચી નાખે આંખ શર્મે, કેંચી ચલાવે મૂલ્યો પર -
આ દુઃશાસનો લોકશાહીનાં વસ્ત્રો ખેંચી નાખે છે..
(મા.શ્રી રાદડિયાનો પક્ષ પલ્ટો)

## હાઇકુ

સાચવે નાક!
છોડીને ઉપગ્રહો -
સાવ ‘સરલ’..

મારે ગૂલાંટો -
માફી માંગવામાં ય,
કુશીલ શિંદે..

## ચિંતન

**લજ્જાં ગુણૌઘ જનની મિવાર્યામિત્યન્ત શુધ્ધ હૃદયા મનુવર્તમાનાઃ ।**
**તેજસ્વિનઃ સુખમસૂનપિ સત્યજન્તિ સત્યવ્રત વ્યસનિનો ન પુનઃ પ્રતિજ્ઞામ્ ॥**

ભતૃહરિના નીતિશતકના આ શ્લોકમાં પ્રતિજ્ઞા-વચનનું મહત્ત્વ દર્શાવવામાં આવ્યું છે :

‘ગુણના સમૂહને ઉત્પન્ન કરનારી, અત્યંત શુધ્ધ હૃદયથી પ્રેરાયેલી લજ્જાને માતાની માફક અનુસાર, સત્યવ્રતના પાલનમાં અત્યંત આસક્તિ રાખનારા તેજસ્વી પુરૂષો, પ્રાણનો ત્યાગ તો સહેલાઇથી કરી શકે છે પણ પ્રતિજ્ઞાનો ત્યાગ કદાપિ કરતાં નથી.’

‘પ્રાણ જાય પણ વચન ન જાય’ની નીતિનું અહીં શ્લોક-કાવ્યમાં સમર્થન કરવામાં આવ્યું છે.

માણસને પોતાની વાત, આબરૂ, વચનનું મહત્ત્વ હોવું જોઇએ. એકવાર બોલેલું કે આપેલું વચન પાળવું જોઇએ અને અંતિમ ક્ષણ સુક્ષી એને વળગી રહેવું જોઇએ. આજનાં રાજકીય નેતાઓ ગમે તેવાં નિવેદન કરે છે પછી ચર્ચાસ્પદ થાય કે ‘હાઇકમાન્ડ’ના ઠપકા મળે ત્યારે કાં તો નિવેદન પાછું ખેંચે કે યુ ટર્ન લઇ, હું આવું બોલ્યો જ નથી, મીડિયાવાળા એ ખોટી સમજથી આવું લખ્યું છે કહીં ગૂલાંટ મારે છે આવા નેતાઓ ને લજ્જા-શરમ કે પોતાના શબ્દોની કિંમત-મહત્ત્વ હોતું જ નથી.

એટલે તો ચૂંટણીનો પ્લોટ-મફ્ત ઘરની લહાણી કરતાં એમને જરા પણ સંકોચ થતો નથી. બીજી ચૂંટણીમાં પછી કહેશે ‘કોને દીધાં ને તમે રહી ગ્યા?’

## સુવિચાર

- દુખ સમજવા માટે છે, સુખ પ્રકટ કરવા માટે છે, જે લોકો દુખને પ્રકટ કરે છે એને દુખમાંથી કંઇ જ શીખવા મળતું નથી **- ધૂમકેતુ**
- દુખની કલ્પના માત્રથી દુ:ખી થયા કરવું એ મૃત્યુ આવ્યાં પહેલાં મરી જવું, જેવું છે **- પરાજિત પટેલ**
- સંસારી દુ:ખનો અંત શોધે છે જયારે સંત દુખનું કારણ શોધે છે **- મોરારિબાપુ**
- આપણાં દુ:ખ, આપણાં કર્મોનો જ પરિપાક છે **- ગાંધીજી**
- માનવી વસ્તુઓની કામના કર્યા કરે છે જે કદીય પૂર્ણ થતી નથી, એટલે માનવી દુખી છે **- મહર્ષિ અરવિંદ**
- દુખ વેઠવાનું નથી પણ એને સમજણપૂર્વક ભોગવવાનું છે વેઠવાથી દુ:ખ વધે છે, સમજપૂર્વક સહન કરવાથી મજા આવે છે **- રવિશંકર મહારાજ**

## બોધ કથા

આપણને સંસારીક-સામાજિક ફરજો-કર્તવ્યો સંબંધો ‘બંધન’ રૂપ બોજ લાગે છે અને તેમાંથી મુક્તિ મેળવવા પૂજા-પાઠ-ધ્યાન-યોગ સત્સંગ-યાત્રાઓ કરીએ છીએ. ખરેખર તો બંધન અને મુક્તિ આપણા સ્વભાવ-વર્તન અને મનથી જ થાય છે. આપણું ‘હું’ પણું, મમત્વ, તારૂં-મારૂં સ્વાર્થ ઓગળી જાય, શરીર-મનમાંથી અહંકાર નીકળી જાય ત્યારે માણસ આપોઆપ ‘મુક્ત’ થઇ જાય છે.

સંત તુલસીદાસ સામાજિક સમસ્યાઓ અને બંધનોથી કંટાળ્યા હતા. રામ ભગવાનના પદો લખી પ્રાર્થનાઓ કરી થાક્યા હતા. ત્યાં એક દિવસ ‘રામ’ એકાએક પ્રસન્ન થઇ હાજર થઇ ગયા, ને પૂછ્યું બોલો! ભક્તરાજ! શી ઇચ્છા છે?

તુલસીદાસે ઝપાટા ભેર બાજુમાં પડેલું દોરડું ઉપાડ્યું અને ભગવાનને થાંભલા સાથે ચુસ્કેટાટ બાંધી દીધા. અને થોડીવાર રહી કહ્યું, - કેમ પ્રભુ -! આ બંધનમાં મજા આવે છે ને? અમે જિંદગીભર કર્મનાં બંધનમાં પિલાઇએ છીએ અને તમને પ્રાર્થના કરીએ છીએ કે અમને ‘મુક્તિ’ આપો! પણ તમે તો સાંભળતા જ નથી! હવે તમે મને પ્રાર્થના કરો તો જ હું તમને મુક્ત કરીશ!

રામ ભગવાન હસ્યા - એમણે તરત જ પોતાનું શરીર-મન સંકોચી સાવ ‘દોરડી’ જેવું પાતળું બનાવી નાખ્યું અને દોરડાંનાં બંધન આપોઆપ સરકી ગયાં - પછી તુલસીદાસને માથે હાથ મુકી આશીર્વાદ આપતાં કહ્યું, ભક્ત બંધનમાંથી મુક્તિ મેળવી તમારા હાથમાં જ છે. હું - મારાપણું - અહં ઓગળી જાય તો કર્મોનાં કોઇ બંધન તમને બાંધી શકતાં નથી!

તુલસીદાસ ભગવાનને વંદન કરી રહ્યા.

# જો સુષ્મા માબાપ માટે તો દિકરી કે દિકરો બાળક રૂપે બંને સમાન હોવા જોઇએ, એ સમાનતા લાડ પ્રેમમાં હોવી બંને ને શિક્ષણ આપવામાં પણ હોવી જોઇએ, પરંતુ દિકરા અને દિકરીની સમાનતાનું તાત્પર્ય એ ન હોવું જોએ કે તમે દિકરીને દિકરો બનાવવા લાગી જાવ

## નવાં ક્લેવર

- નટવર હેડાઉ

(ગતાંકથી આગળ...)

પણ આ તો માં-બાપ પોતે જ દિકરીને એમ કહેશે કે ‘તું તો મારો દિકરો છે.’ તેમના મનમાં એ હીનભાવના ભરવાની કોશિષ કરે છે દિકરો દિકરી કરતાં કંઇક વધુ છે. ખરેખર સાચું તો એ છે કે દિકરીની વાત આવતાં જ નજર સામે એક એવું સુંદર દૃશ્ય સર્જાઇ જાય છે કે તે એ ધરતીની રોનક છે. તનથી કોમળ અને મનથી સરળ હોય છે. આપણે ઇચ્છીએ કે ન ઇચ્છીએ છતાં એક વાત તો સ્વીકારવી જ પડે કે છોકરી અને છોકરા વચ્ચે પ્રકૃતિજન્ય ભેદ છે.

જો સુષ્મા માબાપ માટે તો દિકરી કે દિકરો બાળક રૂપે બંને સમાન હોવા જોઇએ. એ સમાનતા લાડ પ્રેમમાં હોવી બંને ને શિક્ષણ આપવામાં પણ હોવી જોઇએ. પરંતુ દિકરા અને દિકરીની સમાનતાનું તાત્પર્ય એ ન હોવું જોએ કે તમે દિકરીને દિકરો બનાવવા લાગી જાવ.

ફક્ત છોકરા જેવાં કપડાં પહેરાવવાં, બેટા કહીને બોલાવવા અને તેની મન મરજી મુજબ ઉધ્ધત બનાવવી એ કોઇ પણ છોકરી માટે સાચો ઉછેર નથી. પશ્ચિમનું આંધળું અનુકરણ કરી, આપણાં સાંસ્કૃતિક મુલ્યોનું અપમાન ન કરો, દિકરી ને દિકરી જ રહેવા દો. તેને દિકરો ન બનાવો, સુષ્મા તેને અધઃપતનના માર્ગે ધકેલી ન શકાય, હાં, તેને નારીને ઉચિત ગરિમાનો પાઠ ભણાવવો જોઇએ. એ જ સમાજનાં હિતમાં છે. અને આપણે પોતાના માટે પણ, નહીંતરહ દિકરી દિકરો નો નહીં બને, પણ દિકરીએ રહેશે નહીં!

તે થોડીવાર ચુપ રહ્યાં. પછી સુકેતું તરફ ફરી બોલ્યાં, ‘બેટા તું તારી અને સોનાક્ષીની કલાસમેટ અદ્વિતીયાને તો ભૂલ્યો નહીં જ હોય? શું તને એવું લાગતું નથી કે નવ્યાનાં ઉછેરમાં તમે બંને એજ ભૂલ કરી રહ્યાં છો, જે તેના મા-બાપે કરી હતી. જેથી એ માસૂમને કેવી સજા ભોગવવી પડી.’

તેમની આંખો સામે અદ્વિતીયાનો ચહેરો આવી ગયો. તે ખરેખર અદ્વિતીય હતી. પણ છોકરીના એક પણ ગુણ લેશમાત્ર તેનામાં નહોતા. જયાં સુધી તેનો પરિચય હતો તેમાં એટલી ખબર હતી કે તેના મિત્રોમાં કોઇ છોકરી નહોતી. છોકરાની જેમ રહેવાનું રમવાનું ભમવાનું ને બેસવાનું મોડીરાત સુધી પાર્ટીઓમાં રહેવાનું. માબાપની એકની એક દિકરી હતી. તેથી ગર્વથી એ લોકો તેને દિકરો કહેતાં થાકતાં નહીં. એક દિકરીની જેમ અમારૂં નામ ઉજળું કરશે અને ઘડપણનો આધાર બનશે. ત્યારે દેવયાની બહેન હંમેશાં વિચારતાં કે શું એક છોકરી છોકરી તરીકે માબાપનું નામ રોશન કરી ન શકે કે ઘડપણનો સહારો બની ન શકે.

પછી એક દિવસ અચનાક અદ્વિતીય ગુમ થઇ ગઇ. અને સાત દિવસ પછી તેની લાશ મળી. એ વાતની તો ખબર પડી ન પડી કે તેણે આત્મહત્યા કરેલી કે કોઇએ તેની હત્યા કરી નાંખી હતી. પણ પોસ્ટમાર્ટમની રીપોર્ટ પરથી એટલું જાણવા મળ્યું કે મૃત્યુ પહેલાં તેણે નશો કરેલો હતો. અને તેનાં પર સામૂહિક બળાત્કાર થયો હતો. તેના માતાપિતા પાસે પસ્તાવા સિવાય કોઇ ઉપાય રહ્યો ન હતો કે આનાં કરતાં દિકરીને દિકરો બનાવવાનો પ્રયાસ કરવાને બદલે નારી યોગ્ય મર્યાદા અને ગરિમાનાં સંસ્કારો આપ્યા હોત તો આવી હાલત થઇ ન હોત.

દેવયાની બહેનની વાત સાંભળીને સુકેતુ અને સુષ્માના ચહેરા પર ગંભીરતા આવી ગઇ. તે રાતે નવ્યા ઘેર આવી ત્યારે રાતનાં બાર વાગી ગયાં હતા. તેમાં પહેલીવાર એવું થયું હતું કે તે પાછી આવી ત્યાં સુધી સુકેતુ અને સુષ્મા ડ્રોઇંગરૂમમાં જ બેઠાં રહ્યાં. દેવયાની બહેન ભલે પોતાના ઓરડામાં જઇ સુતાં પણ તેમને નિંદર હજુ સુધી આવી ન હતી. તેમના રૂમની લાઇટ બંધ હતી. અને દરવાજાની બિલકુલ સામે પલંગ હોવાને કારણે તેમને બહારનું આખું દૃશ્ય દેખાયું હતું.

નવ્યા અંદર આવી અને તેના ખભા પર લટકતું પર્સ સોફા પર ફેંકતા બોલી, ‘સોરી, મોમ, સોરી ડેડ આઇ’મ લેટ’ પછી તે તેની મમ્મીના ગળામાં હાથ નાંખી બોલી ‘મોમ બહુ થાકી ગઇ છું. મને બહું જ ઊંઘ આવે છે. પ્લીઝ તું મને સવારે છ વાગ્યે જગાડી દે જે. એમાં વાત એમ છે કે કાલે રવિવાર છે. તેથી સૌ ફ્રેન્ડસે મળી પિકનિક પર જવાનું નક્કી કર્યું છે.’ આઠ વાગ્યાની આસપાસ અમે સૌ નાસ્તો કરીને નર્મદા ડેમ જવા રવાના થઇ જઇશું. અને લંચ ત્યાં જ કરીશું. ‘મોમ મને જગાડી દઇશને?’ એટલું કહી તેણે સુષ્માના ગાલે ચુંબન કર્યું અને પોતાના રૂમ તરફ જવા લાગી.

હજી એ રૂમના દરવાજા સુધી પહોંચી હશે ત્યાં સુકેતુ એ જરા કડકાઇના સ્વરે કર્યું. ‘નવ્યા તારે કાલે કયાંય જવાનું નથી.’

નવ્યાના પગ એકદમ થંભી ગયા અને પાછું વળી એ બોલી ‘કેમ ડેડી?’

‘બસ કહી દીધું ના, એટલે ના.’

‘પણ શું થયું છે?’

આજ પહેલાં તો તમે બંનેએ મને કયારેય કયાંક જવાની ના પાડી નથી.’ તેણે આશ્ચર્યથી પૂછ્યું.

તો આ વખતે સુષ્માએ કહ્યું પુછવાની જરૂર ન સમજી. હજી તું એટલી મોટી થઇ નથી કે તારા પ્રોગ્રામો અમને પુછ્યા વિના જ નક્કી કરી દે અને અમને ફક્ત માહિતી આપે.’

**વીણાના તાર ને એટલો જ ખેંચવો જોઇએ જેટલી જરૂર હોય, વધુ ખેંચવા જાવ તો તૂટી જાય**

‘આઇ એમ સોરી મોમ, પણ મારા બધા ફ્રેન્ડ્સ...’

તારા બધા ફ્રેન્ડ્સ જે કરતાં હોય તે, તું આજ પછી અમે કહીએ એમ જ કહીશ. અને આજે અમે કહીએ છીએ કે તારે તારા ફ્રેન્ડ્સની સાથે જવાનું નથી.’ સુકેતુએ દૃઢતાથી કહ્યું.

દેવયાની બહેનને વિચાર આવ્યો કે હવે એ બૂમાબૂમ કરશે. જીદ કરશે અને પોતાની વાત મનાવવાનો પ્રયાસ કરશે. પણ તેણે એવું કંઇ કર્યું નહીં. તે મોં બગાડતી પોતાના રૂમમાં જતી રહી. દેવયાની બહેનને થયું કે ચાલો એટલું તો સારૂં છે કે એ તેના પપ્પાની મર્યાદા રાખે છે.

‘નવ્યા’ સુકેતુએ બુમ પાડી એટલે એ રૂમની બહાર આવી. ઊભી રહી. ત્યારે સુકેતુએ આગળ કહ્યું, ‘બા, ની કેટલાય દિવસથી સુરપાણેશ્વર દર્શન કરવાની ઇચ્છા છે. અને તારી મમ્મીએ પણ નિમેષની પરીક્ષા વખતે માનતા માનેલી છે. તેથી અમે તારા આવ્યાં પહેલાં વીથ ફેમીલી નર્મદા ડેમ જવાનો પ્રોગ્રામ બનાવી દીધો હતો. તેથી તું કાલે તારા ફ્રેન્ડ્સની સાથે નહીં પણ અમારી સાથે ત્યાં જઇશ. હાં, તારી ઇચ્છા હોય તો થોડીવાર તારા ફ્રેન્ડ્સની સાથે એન્જોય કરી શકે.’

‘નવ્યાના ઉદાસ ચહેરા પર નવી જ ચમક પાછી આવી ગઇ. તે થેંકયુ કહેતાં તેના ડેડીને વળગી પડી.’

દેવયાની બહેન જાણતાં હતાં કે સુષ્માએ એવી કોઇ માનતા માની ન હતી. અને તેમણે પણ સુકેતુને સુરપાણેશ્વર જવાનું કહ્યું ન હતું. તે ખોટું બોલ્યાં હતા. છતાં પોતાની દિકરીનું મન રાખવાનો તેનો આ અંદાજ તેમને ગમ્યો. કેમ કે, વીણાના તાર ને એટલો જ ખેંચવો જોઇએ જેટલી જરૂર હોય, વધુ ખેંચવા જાવ તો તૂટી જાય.

(પૂર્ણ)

- vanvihari@gmail.com

# ગાવું એટલે ગુનો..!! કાશ્મીરી વિદ્યાર્થીઓનો ગળું ઘૂંટતો ફતવો..!!

## ધમાકેદાર ‘પ્રગાશ’ બેન્ડથી રાતોરાત પ્રસિધ્ધ થયેલી કન્યાઓ ફરાહ, અનિકા અને નોમાની ખ્યાતિ અંધારામાં ઓગળી ગઇ

## Hello ફ્રેન્ડસ!

- સંજય થોરાત

ફરાહ દીબા, અનિકા ખાલીદ અને નોમા નઝીર,

કાશ્મીરની આ ત્રણેય સ્કૂલની વિદ્યાર્થીની,

ત્રણેય ધોરણ-૧૦ની હોનહાર વિદ્યાર્થીની.

ઉંમર માત્ર ૧૫-૧૬ વર્ષ.

આ ત્રણેય છોકરીઓનાં કારણે માત્ર જમ્મુ કાશ્મીર જ નહીં, સંપૂર્ણ ભારત અને વિશ્વનાં હલચલ મચી ગઇ છે.

આ ત્રણેયને ઇન્ટરનેટ પરથી, સોશ્યલ નેટવર્કીંગ પરથી ધમકીઓ મળી છે. આ ત્રણે જણાએ જે કાર્ય કર્યું છે, એ જો અટકાવાશે નહીં તો એમનો ખાત્મો બોલાવી દઇ દિલ્હીની ‘દામીની’ ઉર્ફે ‘નિર્ભયા’નું જે કંઇ થયું એવું કરવા માટે આ ત્રણેય જણીએ તૈયાર રહે એવાં જાહેર ઇશારા કરવામાં આવ્યાં...

શું છે આ ત્રણેય દીકરીઓનો ગુનો?

એમનો પહેલો ગુનો છે કે એમનો જન્મ અલ્પ સંખ્યક સમાજમાં થયો છે.

કાશ્મીર જેવા રાજયના અને સ્વતંત્ર વિચારના ધર્મનિરપેક્ષ દેશનાં નાગરિક છે. એ પણ એમનો ગુનો છે.



સંગીત ક્ષેત્રમાં કરિયર બનાવવાનો એમને ‘નાપાક’ વિચાર જ કર્યો નહીં પણ એમણે એકમાત્ર જાહેર કાર્યક્રમ પણ કર્યો. એ પણ ગુનો છે.

અને સૌથી મોટો ગુનો એટલે પાશ્ચાત્ય સંગીત પર આધારિત પોતાનો સ્વતંત્ર બેન્ડ તૈયાર કર્યો, અને એ પણ માત્ર છોકરીઓનો..!!

ગુનાઓની આટલી મોટી લાંબી લચ્ચક યાદી આમના નામ પર જમા થાય પછી આ કન્યાઓ માટે ‘ફતવા’ બહાર ના પડે તો જ નવાઇ ને?

આ છોકરીઓએ ‘પ્રગાશ’ નામનો બેન્ડ તૈયાર કર્યો. પ્રગાશ એટલે અંધકારથી ઉજાસ તરફ. પણ જેટલી ઝટપટ તેઓ પ્રકાશમાં આવ્યાં એનાથી વધુ તેજ લિસોટે અંધારામાં ઓગળી ગયા...

ફરાહ દિબા ૧૫ વર્ષની છે અને એ અફલાતૂન ડ્રમ વગાડે છે. એનાજ ઉંમરની અનિકા ખાલિદ ઉત્તમ ગિટારવાદક છે અને ૧૬ વર્ષની નોમી નાઝીર રેશમી ગળાની મલિકા અને ફ્લાઇંગ ગિટાર પણ વગાડે છે.

આઠમાં ધોરણથી બહેનપણી બનેલી આ ત્રણેય જણાએ અત્યંત મહેનત, પુષ્કળ પ્રેક્ટીસ, રિયાઝ કરી અને કેટલાંય પ્રયત્ન બાદ સ્વતંત્ર બેન્ડ તૈયાર કર્યો હતો. ડિસેમ્બરની ૨૬મી તારીખે ‘બેટલ ઓફ ધ બેન્ડ્સ’ સ્પર્ધામાં આ છોકરીઓએ ધમાલ મચાવી દીધી અને કસાયેલા, વખણાયેલા, પ્રસિધ્ધ નામાંકીત બેન્ડ વચ્ચે આ છોકરીઓ વિજેતાનો એવોર્ડ લઇ ગઇ... આગળ વધી એમને પોતાનું સ્વતંત્ર આલ્બમ રિલીઝ કરવાની નેમ હતી, પણ બધું જ લપેટીને આ બિચારી, બાપડીઓ પોતાની જાતને ચાર દિવાલોમાં કેદ કરીને બેઠી છે...

એમણે કેમ આવું કર્યું?

પોતાની કરિયર, ઉજ્જવળ ભવિષ્ય પર ખુલ્લી આંખે કુહાડી મારી એમને કેમ અંદર્ધાન થવું પડ્યું?

જવાબ વગર અને કદાચ ક્યારેય જવાબ ના મળે એવી અઘરાં પ્રશ્નોનો મારો એમની સામે છે. જાહેર કાર્યક્રમ તો દૂરની વાત છે, પણ જાહેરમાં બોલવા લાયક એમને રાખી નથી, તેઓ પણ આગળ આવી જાહેરમાં કશું બોલવા માંગતી નથી. મોતનો અને બદનામીનો ખોફનાખ ભય એમનાં કુમળાં માનસમાં ભરાઇ ચૂક્યો છે...

મોર્નિંગ વોકમાં મળતાં એક કાશ્મીરી આન્ટીએ આ વાત કરી અને ખરેખર હચમચી જવાયું. અહીંની ખુલ્લી સ્વતંત્રતા ભરી હવામાં શ્વાસ લેતા કાશ્મીરી આન્ટી આ વાત કરતાં એમનો શ્વાસ રૂંધાતો હતો.

આ છોકરીઓએ જેમની પાસેથી સંગીતની તાલીમ મેળવી તૈયાર થઇ. ‘પ્રગાશ’ બેન્ડની રચનામાં જેમનો ફાળો છે એવાં સંગીતજ્ઞ અદનાન ભટ્ટ પણ આ ઘટનાથી અત્યંત વ્યતીત છે. જયારથી આ છોકરીઓએ પોતાને જાહેર પ્રથમ પર્ફોર્મન્સ આપ્યો છે ત્યારથી ધમકીઓનાં ફોન-મેઇલ દિવસેને દિવસે વધતાં જ જાય છે... કાશ્મીરમાં જયારે જયારે કંઇ નવું - અલગ કરવાનો પ્રયત્ન થાય છે ત્યારે આવું જ બનતું હોય છે અને એમાંય ખાસ કરી સંગીત અને ફેશનનાં ક્ષેત્રે...

ખરેખર તો સંગીતના સંદર્ભમાં કાશ્મીરનો ઇતિહાસ અત્યંત સમૃધ્ધ છે. કાવ્ય અને સંગીતની મોટી પરંપરા કાશ્મીરમાં છે. સુફિયાના સંગીતમાં કાશ્મીરનું મોટું નામ છે, અને એમાં મહિલાઓનું અનન્ય યોગદાન પણ છે...

રાજ બેગમ, કૈલાશ મહેરા, નસીબ બેગમ, જમ્મુ કાશ્મીરનાં માજી મુખ્યમંત્રી ગુલામનબી આઝાદનાં પત્ની શમીમા આઝાદ આ બધી મહિલાઓએ ગાયનક્ષેત્રે પોતાની આગવી ઓળખ બનાવી છે. પંડિત શિવકુમાર શર્મા, રાહુલ શર્મા, અમાન-અચ્યાન, ભજન સોપોરી, અભય સોપોરી અને હમણાં હમણાં ડો. અમીત વાંચૂ નામનાં યુવાને પણ ‘ઇર્મશન’ બેન્ડનાં માધ્યમથી ભારતીય અને પાશ્ચાત્ય સંગીતનાં આધારે કાશ્મીરના યુવાનોને ઘેલું લગાડ્યું છે...

(અનુસંધાન પાના નં. ૬ પર)

# કબીરની વાણીમાં ઇશ્વર પ્રત્યેની ભક્તિ ભરપૂર છલકાય છે, અને તેથી જ ઐશ્વર્ય વાણીમાં ઉભરાય છે, અને ભીંતરનો ભાવ આપણને પણ શ્રધ્ધાવાન બનાવી દે છે

## પારિજાત

- રેખા ભટ્ટ

મોકો કહાં ઢૂંઢે બન્દે, મૈં તો તેરે પાસ મેં! ના મૈં દેવલ ના મૈં મસ્જિદ, ના કાબે કૈલાસ મેં!

**- કબીર**

મને કબીર ખૂબ ગમતાં સંત - કવિ છે, કેમ કે તેઓ ખૂબ જ્ઞાની હતા. ભક્ત હતા. ખૂબ ઊંડું તત્વજ્ઞાન ધરાવતા હતા.

તેમની ભક્તિ ઇશ્વર પ્રત્યેની હતી. રામભક્ત હોવા છતાં રામ-રહીમ બંને એક જ પરમાત્માનાં બે નામ છે એવું દૃઢપણે માનનારા હતા.

સમગ્ર રીતે એમનો અભ્યાસ કરીએ તો તેમની વાણી ક્રાંતિકારી લાગે છે. ગાંધીજી એમને હિંદુ ધર્મના સુધારક કહે છે જયારે રવિન્દ્રનાથ ટાગોર એમને વિશ્વધર્મના સુધારક કહે છે. મુસલમાનોએ એમને પીર ગણીને “કબીર શાહ” કહ્યાં છે.

કબીરની વાણીમાં ઇશ્વર પ્રત્યેની ભક્તિ ભરપૂર છલકાય છે. અને તેથી જ ઐશ્વર્ય વાણીમાં ઉભરાય છે. અને ભીંતરનો ભાવ આપણને પણ શ્રધ્ધાવાન બનાવી દે છે. કબીર જ તટસ્થતાથી કહી શકે કે,

મસ્જિદ મુલ્લા બાંગ પુકારે, કયા મેરા સાહિબ બહરાં હૈ?
ચીંટી કે પાંવ મેં નેપૂર બાજે વો ભી મેરા સાહિબ સૂનતા હૈ!

કબીર હિંદુ કે મુસલમાન - બંને ધર્મો સાથે જોડાયેલા હતા. બાહ્ય આચાર માટે એમની જીવનશૈલીમાં કોઇ સ્થાન નહોતું. એમની ભક્તિમાં પણ કાંતિ હતી. જે આ સદીમાં ઇન્ટરનેટ - મોબાઇલ વાપરનારા એવા આપણા કોઇ નથી. આપણે ટેકનોલોજી થી આધુનિક ગણાઇએ પણ વિચારોથી - તો આપણે એ જ પંદરમી - સોળમી સદીમાં જીવનારા છીએ. કેમ કે, નિયમિત પણે મંદિરોમાં હાજરી આપણે પુરાવતા રહીએ છીએ.

અંદરોઅંદર બે કોમો વચ્ચે વૈમનસ્ય ઘટાડવાના બદલે વધારતા રહીએ છીએ. અને યથા સમયે ધર્મનાં નામે અંધશ્રધ્ધા ફેલાવતા રહીએ છીએ. એ તો કબીર જ કહી શકે કે,

ના તો કૌનો કિયા કર્મમેં, નાહી યોગ વૈરાગ મેં,
ખોજી હોય તો તુરત મિલે પલભર કી તલાસ મેં!

કબીરનો સાચો ધર્મ માનવતાનો ધર્મ હતો. ગાંધીજીએ એમની વાતોથી પ્રભાવિત થઇને પોતાની પ્રાર્થનાઓમાં પણ સર્વધર્મ પ્રાર્થનાઓને સ્થાન આપ્યું છે.

કબીર આપણી ખોખળી ધાર્મિકતાને પડકારી રહ્યાં છે. તેમની ક્રાંતિકારી રચનાઓથી અને થાકીને કહી દે છે, સાધો! યે મુર્દા કા ગાંવ!

મૂર્તિપૂજાના કે બાહ્યાચારનાં વિરોધી એવાં કબીર સમગ્ર ચેતનમાં - અણુ અણુમાં ઇશ્વર બિરાજમાન છે. એવું કહે છે - જરૂર છે માત્ર આંખો ખોલીને ભાવથી જોવાની!

ઘૂંઘટકે પટ ખોલ રે તોહે પિયા મિલેંગે
ઘટ - ઘટ મેં વોહી સાંઇ રમત હૈ
કટુ વચન મત બોલ રે!

ઇશ્વર સાથેનો એમનો નાતો પ્રિયતમ સાથેનો હોય તેવો છે. ઇશ્વર ને અવિનાશી પ્રિયતમ માનીને કહે છે

પિય તેરે ચતુર, તુ મૂરખનારી, કબહું ન પિયકી સે જ સંવારી
જાગ પિયારી સબકા સૌવે રૈન ગઇ દિન કાહે કો ખોવે!

કબીરની પ્રેમભક્તિનું આ શ્વરૂપ છે. સૂફી પરંપરાની જેમ ઇશ્વરને પ્રિયતમ માનીને એમણે રચનાઓ કરી છે.


આજે જુદા જુદા ધર્મો એક કોમને બીજી કોમથી અલગ કરવાની વાત કરી રહ્યાં છે ત્યારે કબીરની કવિતાઓમાં એકતાની વાત છે. જાતિભેદને ભૂંસી નાખવા મથતા કબરી સૌથી ઊંચા આસને બિરાજેલા લાગે છે. જેમનામાં ઊંડી ભક્તિની સાથે ખુલ્લું વિશાળ હૃદય છે. જેમને ખોટી ધાર્મિકતાઓ કરતાં પણ માણસનું વધારે મૂલ્ય છે તેથી કહી શકે છે -

પથ્થર પૂજૈ હરિ મિલે, તો મૈં પૂજું પહાડ!
તા પે યહ ચક્કી ભલી, પીસ ખાય સંસાર


## આજના દિવસનો મહિમા

- ભાનુપ્રસાદ એસ. દવે

### ૨૭મી ફેબ્રુઆરી




- સામાન્ય કુટુંબમાં જન્મીને પોતાના પ્રચંડ પુરૂષાર્થ વડે દેશનાં ક્રાંતિકારી દળનાં સેનાપતિપદે પહોંચેલા આજનાં યુવાનો માટે આદર્શ, ક્રાંતિકારી ચંદ્રશેખર આઝાદગની પુણ્યતિથિ - ૨૭-૨-૧૯૩૧.
- નોબેલે પારિતોષિક વિજેતા અમેરિકાના નવલકથાકાર સ્ટાઇન લેકનો જન્મ - ૧૯૦૨.
- ૧૮૯૮ - સાહિત્યકાર બચુભાઇ રાવતનો જન્મજયંતિ.



- ૧૯૫૬ - લોકસભાના પ્રથમ અધ્યક્ષ શ્રી ગણેશ વાસુદેવ માવલંકરનું અવસાન.